# પ્રો.પ્રતાપસિંહ ચૌહાણ, કુલપતિશ્રી, શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરાની એક વર્ષની નોંધ પાત્ર કામગીરી

આ યુનિવર્સિટીના કુલપતિ હાજર થયાના પ્રથમ વર્ષે પૂર્તતા થયેલ કાર્યોના લેખાજોખાં આપ સહુની સમક્ષ રજૂ કરવાનો રાજીપો વ્યક્ત કરીએ છીએ.

જૂન ૨૦૧૬ ના શૈક્ષણિક સત્રથી શરૂ થયેલ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા માર્ચ ૨૦૧૯ સુધી અનેક પ્રકારની સફળતાઓની સાથે અનેક પ્રકારની વહીવટી સમસ્યાઓનો સામનો કરી રહી હતી, પરિણામે કૉલેજો, સંચાલકો, અધ્યાપકો, આચાર્યો, વહીવટી કર્મચારીઓ, વિદ્યાર્થીઓ તથા જાહેર જનતાને યુનિવર્સિટીની ચિંતા સતાવી રહી હતી. આ જ અરસામાં સરકારશ્રી દ્વારા વાઇસ ચાન્સેલર તરીકે મારી નિમણૂંક કરવામાં આવી અને તારીખ ૦૨/૦૩/૨૦૧૯ થી મેં યુનિવર્સિટીનું સુકાન સંભાળ્યું. સુકાન સાંભળ્યાના માત્ર દસ દિવસની અંદર આ યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજના આચાર્યો અને અધ્યાપકોની માન્યતા આપવાનો ત્વરિત સૈદ્ધાંતિક નિર્ણય કર્યો અને સૌના સાથ અને સહકારથી તમામને માન્યતાઓ મળી ગઈ.

કુલપતિશ્રી તરીકે હાજર થવાના માસથી જ યુનિવર્સિટી પરીક્ષાઓ લેવાનો મોટો પડકાર હતો. મેં અને મારી ટીમ દ્વારા કુશળતા અને સુચારું આયોજનથી યુનિવર્સિટી પરીક્ષાઓ સુંદર રીતે સંપન્ન કરવામાં આવી. વિદ્યાર્થીઓને પરિણામો સમયસર મળી રહે તે માટે અને આગળના અભ્યાસમાં પ્રવેશ માટે કોઈ મુશ્કેલીઓ ન પડે તે હેતુસર સેન્ટ્રલ એસેસમેન્ટ કરવાનો બાહોશીભર્યો નિર્ણય લેવામાં આવ્યો. આ સેન્ટ્રલ એસેસમેન્ટના પરિણામરૂપે રાજ્યમાં સૌપ્રથમ યુનિવર્સિટી પરિક્ષાના પરિણામો જાહેર કરી યુનિવર્સિટીને ગૌરવ અપાવ્યું. તેનો અમો સૌને આનંદ અને હર્ષ વ્યક્ત કરીએ છીએ.

પરિક્ષાના પ્રશ્નપત્રો, માર્કશીટ વગેરેની કામગીરી કે જે યુનિવર્સિટી કક્ષાએ થતી હતી તે એજન્સીને સોંપીને યુનિવર્સિટી સાથે સંકળાયેલ તમામ કર્મચારીઓની બાકીના કાર્યો સારી રીતે કરી શકાય તેની વ્યવસ્થા ઉભી કરી.

માર્ચ-એપ્રિલ ૨૦૧૯ થી યુનિવર્સિટી પરીક્ષાઓ વખતે પ્રશ્નપત્રોનું મોડરેશન કરવાની પધ્ધતિ અમલમાં મૂકી જેના ભાગરૂપે માર્ચ-એપ્રિલ ૨૦૧૯ થી અત્યાર સુધી યુનિવર્સિટી

પરીક્ષાઓના પ્રશ્નપત્રોમાં કોઈપણ પ્રકારની ભૂલ વગર પરીક્ષાઓ સંપન્ન થઈ રહી છે. જે એક સિમાં ચિન્હ આદર્શ અન્ય યુનિવર્સિટીને પણ પ્રેરણા આપી.

કુલપતિ તરીકે આ યુનિવર્સિટીનું સુકાન સંભાળ્યા સમયે પરીક્ષાઓ દરમિયાન વિવિધ ૪૦ ઉપરાંત કૉલેજોની સ્થળ મુલાકાત લઈ આચાર્યો, અધ્યાપકો અને વહીવટી સ્ટાફને મળી, યુનિવર્સિટી પ્રત્યેની આત્મીયતામાં વધારો કર્યો. મારી આ મુલાકાતે વિસ્તારની દરેકની કૉલેજોએ ગૌરવપૂર્વક આવકારી હતી. હાલ ૧૦૦ ઉપરાંત કોલેજોની સ્થળ મુલાકાત પૂર્ણ કરી પારિવારિક વાતાવરણ ઊભું કર્યું છે અને હજુ આ પ્રયાસ અવિરતપણે ચાલી રહ્યો છે.

અનુભૂતિ અંતર્ગત "ગામને જાણો ગામને માણો" થીમ પર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જે અન્વયે વિદ્યાર્થીઓને ગ્રામ્ય જીવન અને સંસ્કૃતિની પ્રત્યક્ષ અનુભૂતિ કરાવી. "વિશ્વ પર્યાવરણ દિવસ"ની ઉજવણીના ભાગરૂપે સમગ્ર યુનિવર્સિટી કેમ્પસ અને તમામ સંલગ્ન કોલેજોમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું. પર્યાવરણને બચાવવા માટેના જરુરી મુદ્દાઓને ધ્યાન લઇ વિદ્યાર્થીઓને પર્યાવરણ બચાવવાની પ્રતિજ્ઞા સાથે મેરાથોનનું આયોજન કરી પ્લાસ્ટિકમુક્ત ભારત ઉદ્દેશને ઉજાગર કર્યો .

મે ૨૦૧૯ માં યુનિવર્સિટી અને કૉલેજોમાં થતી વિવિધ પ્રવૃત્તિઓ અને યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોના આચાર્યો-અધ્યાપકોના લેખનકૌશલ્યને વાચા આપવા, અવસર પૂરો પાડવા "ઉપક્રમ" નામનું દ્વીમાસિક યુનિવર્સિટી મુખપત્ર શરૂ કરવાનો નિર્ણય લીધો, જેના પ્રથમ અંકનું વિમોચન માનનીય શિક્ષણમંત્રીશ્રીના વરદ હસ્તે તા.૧૪/૦૯/૨૦૧૯ ના રોજ ગોધરા મુકામે કરવામાં આવ્યું.

ડિજિટલ યુગ સાથે કદમ મીલાવવા જૂન ૨૦૧૯ થી યુનિવર્સિટીની તમામ એડમિશન પ્રક્રિયાને ઓનલાઈન કરવામાં આવી, જેનો ખૂબ સુંદર પ્રતિસાદ મળ્યો.

ચાલુ વર્ષે ધોરણ-૧૨ ના સારા પરિણામોને લીધે કૉલેજોમાં વિદ્યાર્થીઓનો પ્રવેશ વધી જતાં માંગણીવાળી કૉલેજોને યોગ્ય મર્યાદામાં ઇન્ટેક વધારો આપી પાંચ જિલ્લાના વિદ્યાર્થીઓ અને વાલીઓમાં યુનિવર્સિટી પ્રત્યે આનંદની લાગણી જન્માવી. પરિણામે વિદ્યાર્થીઓના ઉચ્ચ અભ્યાસની સ્થગિતતા ટળી અને તેઓને દૂર અભ્યાસ માટે ન જવું પડ્યું.

જૂન ૨૦૧૯ થી પ્રથમ વખત આ યુનિવર્સિટીના સુચારું વહીવટ માટે એકેડેમિક કેલેન્ડર જાહેર કરવામાં આવ્યું અને જેનો અમલ કેલેન્ડર મુજબ કરવામાં આવે છે.

આ વિસ્તારના વિદ્યાર્થીઓને ઘરઆંગણે અનુસ્નાતક અભ્યાસ માટેની તક પ્રાપ્ત થાય એવા ઉમદા હેતુથી પ્રેરાઇને અમે સરકારશ્રીમાંથી જૂન ૨૦૧૯ થી પી. જી. વિભાગો શરૂ કરવાની માન્યતા મેળવી. યુનિવર્સિટીના કોમર્સ અને સાયન્સના પી. જી. વિભાગોની શરૂઆત જૂન 2019 થી કરવામાં આવી, અને જુન ૨૦૨૦થી બીજા ચાર વિભાગો શરુ કરવામાં આવે તે માટે કુલ ૩૫ પોસ્ટની જાહેરાત

આપી જેની પ્રક્રિયા ભરતી માટે ચાલુ થયેલ છે. પી.જી. અભ્યાસક્રમો રીવાઈઝ કરવામાં આવ્યા તથા પી.એચડી. ઓર્ડીનન્સ બનાવવામાં આવ્યા.

જૂન ૨૦૧૯ થી આ યુનિવર્સિટી સંલગ્ન અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રોજગારી મેળવવામાં મદદરૂપ થવાય તે માટે યુનિવર્સિટી કક્ષાએ "ટ્રેનીંગ કમ પ્લેસમેન્ટ સેલ" ની રચના કરીને વિદ્યાર્થી અને સમાજને મદદરૂપ થવાનું કામ કર્યું અને દરેક જિલ્લામાં પ્લેસમેન્ટ સરકાર સાથે રહીને મોટી સંખ્યામાં ગોધરા અને દાહોદમાં જગ્યાઓની ભરતી કરવામાં આવી.

પીએચ.ડી. અને એમ. ફીલ. માટે પાંચ જિલ્લાના વિદ્યાર્થીઓને ઘરઆંગણે જ લાભ મળે અને આ યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોના આચાર્યો-અધ્યાપકોની સંશોધનક્ષમતાનો સ્થાનિક વિદ્યાર્થીઓને લાભ મળે તે માટે યુનિવર્સિટી દ્વારા જેની સૌ કાગડોળે રાહ જોતાં હતા તેવા આ યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોના આચાર્યો-અધ્યાપકોને પીએચ.ડી.ની ગાઇડશીપ આપવાનો નિર્ણય કરી ખૂબ જ ઝડપથી લાયક ઉમેદવારોને ગાઇડશીપ આપવામાં આવી. આ નિર્ણયે યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોના આચાર્યો-અધ્યાપકોમાં નવો જોમ અને ઉત્સાહ પૂર્યો. તદનુસંધાને કુલ ૧૭ વિષયમાં કુલ  ૯૦ આચાર્યો-અધ્યાપકોને ગાઇડશીપ આપવામાં આવી.

માત્ર ગાઇડશીપ આપી એટલું જ નહીં પરંતુ ૧ માસમાં જ પીએચ.ડી./એમ.ફીલ. માટેની પ્રવેશ પરીક્ષા યુનિવર્સિટી દ્વારા લેવામાં આવી, જેમાં ૧૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ સામેલ થયા હતા. સદર પરીક્ષાનું પરિણામ એ જ દિવસે સાંજે જાહેર કરી યુનિવર્સિટીની પ્રતિષ્ઠા અને પ્રામાણિકતાને નવી ઊંચાઈ અપાવી.

તારીખ ૧૯/૦૭/૨૦૧૯ ના રોજ યુનિવર્સિટી સંલગ્ન કૉલેજો સરકારી ખરીદી ઓનલાઈન કરી શકે એ હેતુથી **"GeM (Government e-Market Place)"** વેબ પોર્ટલનો ઉપયોગ કૉલેજો કરી શકે તે માટે જરૂરી માર્ગદર્શન માટે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું.

નવી શિક્ષણનીતિથી સૌ માહિતગાર થાય અને વર્તમાન શૈક્ષણિક પડકારો પર ચિંતન અને મનન થાય તે માટે તા.૦૧/૦૮/૨૦૧૯ ના રોજ “રાષ્ટ્રીય પરિસંવાદ” યોજવામાં આવ્યો. જેમાં 300 ઉપરાંત અધ્યાપકો હાજર રહ્યાં.

માનનીય શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમાના અધ્યક્ષસ્થાને અને દાહોદ-પંચમહાલ અને છોટા ઉદેપુરના સંસદસભ્યશ્રીઓ અને ધારાશાસ્ત્રીશ્રીઓની ઉપસ્થિતિમાં સ્થગિત થયેલો યૂથ ફેસ્ટિવલ "સ્પંદન ૨૦૧૯" નો ધમાકેદાર પ્રારંભ કરવામાં આવ્યો. જેમાં કુલ ૨૮ જેટલી સ્પર્ધામાં ૧૦૦૦ ઉપરાંત પ્રતિભાગીઓ ઉત્સાહભેર જોડાયા. જુદી-જુદી સ્પર્ધાઓમાં પ્રથમ ક્રમે વિજેતા થયેલ ૪૨ વિદ્યાર્થીઓની

ટીમને "વેસ્ટ ઝોન" યૂથ ફેસ્ટીવલમાં બારડોલી ખાતે પોતાની પ્રતિભા દર્શાવવાનો અવસર પૂરો પાડ્યો, જેના ફળસ્વરૂપે રાષ્ટ્રીય કક્ષાએ પણ "ઓન ધ સ્પૉટ ફોટોગ્રાફી"માં યુનિવર્સિટીએ દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો.

ગુજરાત સરકારશ્રી દ્વારા રૂ.૧૦૦૦ના ટોકન દરથી પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને નમો ઈ-ટેબ્લેટ વિતરણનો સમારોહ યુનિવર્સિટી ખાતે આયોજિત કરવામાં આવેલ હતો. જેમાં રાજ્યકક્ષાના મંત્રીશ્રી માન.જયદ્રથસિંહજી પરમાર સાહેબ ઉપરાંત શ્રી રતનસિંહ રાઠોડ, સાંસદશ્રી (પંચમહાલ), શ્રી સી. કે. રાઉલજી, ધારાસભ્યશ્રી (ગોધરા), કલેકટરશ્રી પંચમહાલ તેમજ અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં ૩૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને ટેબ્લેટ વિતરિત કરવામાં આવેલ હતા.

પીએચ.ડી. ગાઇડશીપ ધરાવનાર આચાર્યો-અધ્યાપકોની ક્ષમતામાં વધારો થાય એ માટે યુનિવર્સિટી કક્ષાએ તારીખ ૧૬/૧૦/૨૦૧૯ ના રોજ "પ્રજ્ઞાસભા" નું આયોજન કરવામાં આવ્યું, જેમાં વિદ્વાન તજજ્ઞોએ સંશોધનને લગતી ઉત્તમ માહિતી આપવાનો પ્રયાસ કર્યો અને તેમાં રાષ્ટ્ર ઉપયોગી થાય તેવા વિષયો લેવાની ચર્ચા કરવામાં આવી.

તા.૧૪-૧૫ ડિસેમ્બર ૨૦૧૯ ના રોજ ગુજરાત જનજાતિ જિલ્લાના વિદ્યાર્થીઓમાં જનજાતિ સંસ્કૃતિ પરંપરા અને ગૌરવ પ્રત્યે સ્વાભિમાન જાગૃત થાય એવા હેતુથી અખિલ ભારતીય

વિદ્યાર્થી પરિષદ અને શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંયુક્ત ઉપક્રમે જનજાતિ સંસ્કૃતિની જાંખી કરાવતા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું.

પીએચ.ડી અને એમ. ફીલ. ના શરૂ કરવામાં આવેલ અભ્યાસક્રમોને સમૃદ્ધ બનાવવા માટે “Writing of Thesis and Research Paper- A Skill” વિષય પર તારીખ ૧૬/૧૨/૨૦૧૯ ના રોજ પીએચ.ડી. ના ગાઈડ અને વિદ્યાર્થીઓ માટે ગોધરા ખાતે સેમિનાર યોજવામાં આવ્યો.

જેમાં પણ ૩૦૦ ઉપરાંતના સંશોધકો અને નિષ્ણાંતો હાજર રહેલ અને ખુબજ ઉપયોગી માહિતી પી.એચડી.ના વિદ્યાર્થીઓને આપવામાં આવેલ હતી.

આ યુનિવર્સિટીનું સુકાન સંભાળતાની સાથે અમે યુનિવર્સિટી સોંગ અને સુંદર, આકર્ષક અને અર્થસભર લોગો તૈયાર કરાવ્યો.

યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના વિદ્યાર્થીઓ, વાલીઓ, અધ્યાપકો, આચાર્યો સૌને યુનિવર્સિટીની તમામ પ્રકારની માહિતી જેવી કે પરિપત્ર, પરીક્ષાના પરિણામો, યુનિવર્સિટી પ્રોગ્રામોની સૂચિ અને યુનિવર્સિટીના કાર્યક્રમોનું લાઈવ પ્રસારણ – યુટ્યુબ અને ફેસબુકના માધ્યમથી દુનિયાના કોઈપણ ખૂણે બેઠેલ વ્યક્તિ નિહાળી શકે તે માટે યુનિવર્સિટી વર્ચ્યુઅલ એપ્લીકેશન ડેવલપ કરાવી.

આ યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોનો સૌથી મોટો પ્રશ્ન છેલ્લા ત્રણ વર્ષથી યુનિવર્સિટીની કરેલ વિવિધ કામગીરીના નાણા ન મળવા અંગેનો હતો, એ પ્રશ્નનું માત્ર બે માસમાં નિરાકરણ લાવી યુનિવર્સિટી પ્રત્યે આચાર્યો-અધ્યાપકો અને વહીવટી સ્ટાફમિત્રોની સદભાવના વધી જે કામ હવે પછીના સમયમાં પણ તાલબદ્ધ રીતે કરવામાં આવશે.

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરાની સ્થાપના થયા બાદ યુનિવર્સિટી ભવનનિર્માણનો પ્રશ્ન કે જે વહીવટી આંટીઘૂંટીઓમાં અટવાયેલો હતો તેને અમે કુશાગ્રતાથી ટૂંક સમયમાં યુનિવર્સિટી ભવનનો શિલાન્યાસ કાર્યક્રમ થશે.

ભારતીય સંસ્કૃતિની પરંપરાઓ અને સંસ્કૃત ભાષાનું સંવર્ધન થાય તેમજ સમાજમાં સંસ્કૃતનો પ્રચાર-પ્રસાર થાય તે માટે સંસ્કૃત સંભાષણ વર્ગોના આયોજન માટે કમિટી બનાવી અને ત્રણ અધ્યાપકોને સંસ્કૃત સંભાષણની તાલીમ લેવા દિલ્હી ખાતે મોકલવામાં આવ્યા અને માર્ચ ૨૦૨૦માં એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

આ યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજો NAAC સાથે જોડાય અને આ માટે પડતી મુશ્કેલીઓ દૂર થાય તે માટે તા.૨૪/૦૨/૨૦૨૦ ના રોજ NAAC સેમિનારનું આયોજન કરવામાં આવ્યું.જેમાં આચાર્યશ્રીઓ અને NAAC કો-ઓર્ડીનેટરશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા, અને વધુમાં વધુ કોલેજો NAAC મૂલ્યાંકનમાં જાય તે માટેનો પ્રયાસ કરવામાં આવેલ છે.

સમાજ, સંસ્કૃતિ અને શૈક્ષણિક સંસ્થાઓમાં તંદુરસ્ત વાતાવરણ નિર્માય એ માટે કોલેજો અને યુનિવર્સિટી જેવી શિક્ષણસંસ્થાઓ સમાજના વિવિધ સંગઠનો, સ્વૈચ્છિક સંસ્થાઓ, બેન્કો, કોર્પોરેટ ઓફિસો સાથે સંબંધો વિકસાવે એ જરૂરી છે. દીર્ઘદ્રષ્ટા રાખી અમે ઉપર્યુક્ત હેતુસર એ.યુ. બેન્ક, સ્કીલ ગુરુ એકેડેમી અને જિલ્લા પોલીસ, પંચમહાલ જેવા સંસ્થાઓ-વિભાગો સાથે યુનિવર્સિટીના એમ.ઓ.યુ.(MoU) કરાવીને યુનિવર્સિટીના વિકાસ અને વિસ્તાર માટેના દ્વાર ખોલી આપ્યા અને આગામી સમયમાં ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી (જી.એન.એલ.યુ.) તથા ગુજરાત ટેક્નોલીજીકલ યુનિવર્સિટી (જી.ટી.યુ.) સાથે પણ એમ.ઓ.યુ. (MoU) કરવા જઈ રહ્યા છીએ.

યુનિવર્સિટીની અનેક પ્રવૃત્તિઓની મીડીયાએ પણ નોંધ લઇ યુનિવર્સિટીની આગવી ઓળખ ઉભી કરવામાં સહકાર પૂરો પડ્યો છે જેથી પણ અમો સુખદ નોંધ લઈએ છીએ. વાઈસ ચાન્સેલર તરીકે નિમણુંક થયા બાદ યુનિવર્સિટી ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી ના ભાગરૂપે યોગ સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું. વર્ષ ૨૦૧૯-૨૦નો પ્રથમ વર્તમાન શૈક્ષિક પડકારો અને નવી શિક્ષણ નીતિ વિષય પર કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું. ત્યારબાદ ક્રમશઃ રાષ્ટ્રનિર્માણમાં શિક્ષક અને

શિક્ષાની ભૂમિકા, મીડિયા તથા પ્રિન્ટ મીડિયાની સમાજપર અસર, “Writing of Thesis and Research Paper- A Skill”જેવા વિષયો પર કાર્યશાળાઓનું આયોજન કરી અધ્યાપકો અને વિદ્યાર્થીઓને યુનિવર્સિટી પ્રત્યે પરિવારિક વાતાવરણ ઊભું કર્યું. ડીજીટલ ઇન્ડિયા થીમ અંતર્ગત યુનિવર્સિટી ખાતે આયોજિત તમામ કાર્યશાળાઓ, કાર્યક્રમો તથા સમારોહના યુનિવર્સિટી દ્વારા સંચાલિત વર્ચ્યુઅલ એપ્લીકેશન તથા અન્ય સોશીયલ મીડિયા જેવા કે ફેસબુક, ટ્વીટર, યુટ્યુબ જેવા પ્લેટફોર્મ પર જીવંત પ્રસારિત કરવામાં આવ્યા સાથે ડીજીટલ પેમેન્ટ અંતર્ગત યુનિવર્સિટી દ્વારા ઓનલાઈન પેમેન્ટ ગેટ-વે જેવી સુવિધાનો પ્રારંભ કરવામાં આવ્યો. આ સુવિધાથી તમામ કોલેજો અને વિદ્યાર્થીઓ દ્વારા ફી, તથા અન્ય તમામ નાણાના વ્યવહાર ડીજીટલ પ્લેટફોર્મ પર કેશલેસ કરવામાં આવ્યા . ટેબ્લેટ વિતરણ તથા મેગા પ્લેસમેન્ટ ફેર જેવા કાર્યક્રમોનું યુનિવર્સિટીના સંયોજનથી આયોજન કરવામાં આવ્યું.

ઉપરોક્ત સમગ્ર યાદીમાંથી ટૂંકી યાદી આપને મોકલીએ છીએ. આપના આશીર્વાદ અને માર્ગદર્શન મળતા રહે તેવી પ્રાર્થના કરીએ છીએ.

આભાર સહ

જય સ્વામીનારાયણ વાંચજો